# શ્રીમતી સી. એમ. સુથાર હાઇસ્કુલ જીતપુર ખાતે ગણિત-વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન નું શાળા કક્ષાએ આયોજન કરાયું



✍ અરવલ્લી સમાચાર બ્યુરો
તા. ૨૨

આજે શ્રીમતી સી.એમ. સુથાર હાઇસ્કુલ જીતપુર ખાતે ગણિત-વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન નું શાળા કક્ષાએ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૯ થી ૧૨ માં કુલ ૨૦ કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી હતી. જેમાં લોક વિજ્ઞાન કેન્દ્રના ડાયરેકટર શ્રીમતી ચંદનબેન તથા આપણી શાળાના તમામ શિક્ષક મિત્રો હાજર રહ્યા હતા. વિજ્ઞાન મેળાના નિર્ણાયક તરીકે શ્રી મનોજભાઈ ઉપ ધ્યાય તથા આચાર્યશ્રી ભરતભાઈ ભરવાડ તથા બોલુન્દ્રા હાઈ સ્કૂલના આચાર્ય કુંદનસિંહ સોલંકી હાજર રહ્યા હતા. લોકવિજ્ઞાન કેન્દ્ર તરફથી બાળકોને પ્રોત્સાહન રૂપે સર્ટિફિકેટ



તેમજ પાણીની બોટલ ભેટમાં આપી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવામાં આવ્યો હતો. તેમજ મનોજભાઈ ઉપાધ્યાય સાહેબે પ્રથમ ત્રણ ક્રમે આવેલ કૃતિઓને ૫૦૦ નું ઈનામ જાહેર કર્યું હતું. તેમજ શાળા કક્ષાએ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવાય અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણનો વિકાસ થાય તે માટે આ કાર્યક્રમમાં ઉર્જા બચાવો અભિયાન અંતર્ગત શોર્ટ વિડિયો ક્લિપ વિદ્યાર્થીઓને બતાવવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આચાર્યશ્રીએ તથા ગણિત - વિજ્ઞાન શિક્ષકોએ ખૂબ જ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. અને શાળાના તમામ શિક્ષકોએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

# અરવલ્લી વનવિભાગ ધ્વારા જિલ્લાકક્ષાએ યોજાયેલ વિશ્વ પર્યાવરણ દિન

**સત્ય વિચાર દૈનિક**

કાળઝાળ અસહ્ય ગરમીમાં ૪૦૦ જેટલા પ્રકૃતિપ્રેમીઓની ઉપસ્થિતી. આ પ્રસંગે કુંડાઓમાં તૈયાર કરાયેલ ઔષધિય વનસ્પતિઓ ના છોડ સાથે નીકળેલ વિરાટ રેલી. ઉર્જા બચત, અન્નનો સદ ઉપયોગ, સ્વચ્છતા સહીત પ્રત્યેક નાગરિક દર વર્ષે એક વૃક્ષ વાવે એવી અપીલ મહેમાનો ધ્વારા કરાઈ.સમગ્ર વિશ્વ માં પ મી જુન વિશ્રૃવ પર્યાવરણ દિન તરીકે ઉજવાય છે, જે અંતર્ગત અરવલ્લી જિલ્લાકક્ષાએ ડી.એફ.ઓ એસ.એમ.ડામોર ના માર્ગદર્શન હેઠળ માલપુર






તસ્વીર અહેવાલ : અલ્પેશ ભાટીયા, માલપુર

તાલુકા ના જીતપુર ગામે આવેલા વૃદાંવન ધામ ખાતે વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરાયેલ. આ કાર્યક્રમમાં જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ના ડાયરેકટર ચંદનબેન પટેલ, જાયન્ટ ગ્રુપના મંત્રી અમરીષભાઈ પંડ્યા, ઔષધિય વનસ્પતિઓના તજજ્ઞ સંજયકુમાર પંડ્યા, નાગરીક બેંકના એમ.ડી યોગેશભાઈ પંડ્યા, પર્યાવરણ ટીમના જસવંતસિંહ ગોહીલ, રાજ્ય પારીતોષિક એવોર્ડ વિજેતા જીગ્નેશ ભટ્ટ, પાટીદાર સમાજના યુવાબંધુ મયુર પોકાર, સરપંચ પાનીબેન સહીત અનેકવિધ સૈચ્છીક સંસ્થા અને એનજીઓ ના પ્રતિનીધીઓ, વનમંડળી ના સદસ્યો, સ્વ સહાય જુથ ના બહેનો અને મોટી સંખ્યામાં પ્રકૃતિપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ બાદ ઔષધિય વનસ્પતિઓના છોડ કુંડાઓ માં ઉછેરી તૈયાર કરાયેલ રોપા સાથે વિરાટ રેલીનુ ભવ્ય આયોજન કરાયેલ. કાર્યક્રમ ના સ્થળ વૃદાંવન ધામ પરિસર માં મહેમાનો અને સૌ આમંત્રિતો ધ્વારા વૃક્ષારોપણ કરાયેલ. આ પ્રસંગ જાણીતા કલાકાર પ્રકાશભાઈ પંડ્યાએ ધરતી કરે પુકાર અંતર્ગત એક પાત્રીય નાટક રજુ કરી સૌના મન આકર્ષીત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ નુ સફળ સંચાલન વનપંડીત દિનેશચંન્દ્ર ઉપાધ્યાયે કરેલ.

# ભિલોડાની ટોરડા હાઈસ્કૂલમાં બાળ ઉર્જા રક્ષક દિનની ઉજવણી

શુભ ત્રિવેદી ભિલોડા, તા. ૨૦ શિક્ષણ, સંસ્કાર, સેવા, શિસ્ત અને સમર્પણ ભાવ સાથે કાર્ય કરતી ભિલોડા તાલુકાની શ્રી નવજીવન વિદ્યાલય, ટોરડામાં તારીખ. ૧૯-૯-૨૦૨૪ને ગુરૂવારે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર અને અરવલ્લી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, મોડાસાના સંયુક્ત ઉપક્રમે બાળ ઉર્જા રક્ષક દળ કાર્યક્રમ ૨૦૨૪-૨૫ યોજાયો હતો. જિલ્લા કો.ઓડીનેટર ચંદનબેન પટેલે ઉર્જા વિશે વિસ્તૃત પ્રકાશ પાડી વિવેકપૂર્વક, સમજણપૂર્વક, બુદ્ધિપૂર્વક ઉપયોગ કરી પર્યાવરણમાં આપણી ભૂમિકા કેટલી છે. વૈજ્ઞાનિકઢબે સમજ આપી હતી. આ સિવાય GEDA તેમજ બાળકો સાથે પાંચ ટીમ બનાવી જુદા જુદા રાઉન્ડ યોજી ક્વીઝ રમાડી હતી. પ્રથમ ત્રણ નંબરને પ્રમાણપત્ર, ઈનામ આપી પ્રોત્સાહન આપ્યું હતું. શાળાના તમામ વિદ્યાર્થીઓને બિસ્કીટ આપવામાં આવ્યા હતા. આચાર્ય પિનાકીનભાઈ એન. પટેલ દ્વારા કો. ઓડીનેટરનું સ્વાગત કરી આભાર માન્યો હતો. લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા બાળ વૈજ્ઞાનિક પ્રવૃત્તિ વેગવંતી બને છે. બાળકોમાં જિજ્ઞાસા આવે છે.ગુજરાત રાજય સરકારના વિભાગ દ્વારા થતી સ્પર્ધાઓ યોજી બાળકને તાલુકાથી માંડીને રાષ્ટ્રીયકક્ષાએ લઈ જવામાં લોક વિજ્ઞાન કેન્દ્રનો સિંહ ફાળો રહ્યો છે.

